# આંક– ૨૮ નું સાંધાણ

<u>સોગંદઆપ્યા</u>

## ઉલટ તપાસ – પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી જે.જે.જાડેજા

વાદી અમૃતબા તેજમાલજી જાડેજા અમારા બાજુના ગામના છે અને અમારી જ્ઞાતીના છે. હું અમૃતબા તેજમાલજી જાડેજા ને છેલ્લા ૩૦ વર્ષથી ઓળખું છું. અમૃતબાની ઉમર આશરે ૬૦ વર્ષ જેટલી હશે અને હાલે તેઓ બરોબર હાલી ચાલી શકે છે. હું ખેતીનો વ્યવસાય કરૂ છું. મારા નામની ખેતીની જમીન ગામ લફરામાં તથા મોટા બંદરામાં સર્વે નં : ૩૭૯/૧ વાળી જમીન આવેલી છે. વાદીએ દાવો કરેલ છે તેની ખબર અમોને પાવરનામો આપયો તેનાથી ૮ દિવસ અગાઉ ખબર પડેલી. એ વાત ખરી છે કે નામદાર કોર્ટમાં દાવા અરજી રજુ થયેલ છે તે અને દાવા જવાબ રજુ થયેલ છે તે મેં વાંચેલા નથી પરતું હાલે મેં પુરાવાનું સોંગદનામું રજુ કરેલ છે તે વાંચેલ છે. વાદીએ દસ્તાવેજ રદ કરવા દાવામાં માંગણી કરેલ નથી તે મને ખબર છે.

ખુમાનશીંહ તેજમાલજી હાલે બેંગલોર છે. ગુલાબશીંહ તેજમાલજી બેંગલોર છે. દાવા વાળી મિલક્ત સંબંધેનો અગાટ વેંચાણનો રજી.

---
સાહેદની સહી

દસ્તાવેજ થયેલ છે કે કેમ તે મેં જોયેલ નથી.

દાવાવાળી મિલક્ત સંબંધે રેવન્યુ ઓથો. સમક્ષ કેસો ચાલેલા છે તેના હુકમ મેં જોયેલા છે. દાવાવાળી મિલક્ત સંબંધે રેવન્યુ રેકર્ડ પણ મેં જોયેલ છે. દાવાવાળી મિલક્ત સંબંધે રેવન્યુ રેકર્ડમાં હક્ક પત્રક નોંધ નં : ૨૬૮ વાળી પ્રતિવાદીના નામે દાખલ થયેલ તે મેં જોયેલ છે. એ વાત ખરી છે કે સદર નોંધ સંબંધે વાદીઓએ કોઈ વાંધો તકરાર ઉપસ્થિત કરેલ નથી. દાવાવાળી મિલક્તના રજી. દસ્તાવેજો મેં જોયેલ નથી તેના જવાબમાં જણાવું છું કે ગીરોના દસ્તાવેજ જોયેલા છે.

ખુમાનશીંહ અને ગુલાબશીંહની ઉમર આશરે કેટલી છે તે હું કહી શકું નહી. એ વાત ખરી છે કે ખુમાનશીંહ અને ગુલાબશીંહ પુખ્ત ઉમરના થતા સદર મિલકતના પોતાના અધિકારો કલેમ કરતો કોઈ દાવો કરેલ નથી સાહેદ જણાવે છે કે આ ગીરો છોડાવવાનો દાવો કરેલ છે. એ વાત ખરી નથી કે પ્રતિવાદી દાવાવાળી મિલકતના રજી. દસ્તાવેજના આધારે કાયદેસરના માલિક અને કબ્જેદાર છે. એ વાત ખરી નથી કે દાવાવાળી મિલકતનો અગાટ વેંચાણનો રજી. દસ્તાવેજ થઈ ગયેલ હોવા છતા ગીરો મુકતીનો અમોએ ખોટો દાવો કરેલ છે. એ

સાહેદની સહી

વાત ખરી નથી કે અમોએ પુરાવાના સોંગદનામામાં ખોટી હકીકતો જણાવેલ છે. એ વાત ખરી નથી કે અમોને દાવાવાળી મિલકત સંબંધે કોઇ માહિતી ન હોવા છતાં અમો પાવરદારની રૂએ ખોટી જુબાની આપીએ છીએ.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

સાહેદની સહી

સાહેદ તથા તેના વિ.વ.શ્રી ચાલુ જુબાનીએ સાહેદની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે અને તેમના વિ. વકીલશ્રીએ અને ઉલટ તપાસ કરનાર વિ. વકીલશ્રી એપ્રુવ કરેલી જુબાનીની પ્રીન્ટ કેસમાં મુકેલ છે. ના. ગુજરાત હાઈ કોર્ટ તરફથી આ અદાલતને તા. ૨૪/૦૭/૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ, સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે પોતે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા બદલ તેની સહી કરેલ છે.

પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ
ભુજ - જી.જે.૦૦૮૧૪

મારી રુબરુ

તા. ૧૫ – ૦૨ – ૨૦૨૩
ભુજ–કચ્છ.

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
ભુજ–કચ્છ.

સાહેદની સહી